# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-08-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## હરઘર તિરંગા અભિયાન-કચ્છ-:

"હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા: સ્વતંત્રતા સ્વચ્છતા કે સંગ" અભિયાન અંર્તગત જીલ્લામાં ઉત્સાહભેર વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ૦૬ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ સુધીના સમયગાળાને સ્વતંત્રતા સપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. અને આગામી ૧૪ મી ઓગષ્ટે જિલ્લાકક્ષાની તિરંગા યાત્રા યોજાશે. આ સાથે તમામ તાલુકા મથકો ખાતે પણ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત દેશપ્રેમના વાતાવરણમાં વિવિધ ગામોમાં તિરંગા યાત્રા, ઘરઘર તિરંગા વિતરણ અને જાહેર સ્થળોએ સફાઈ ઝુબેશ હાથ ધરવામાં આવી રહી છે.

આજે જીલ્લાના તમામ તાલુકાઓની ૨૫૦૦ જેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકો, શિક્ષકો, વાલીઓ, વગેરે ઉત્સાહભેર જોડાયા હતા. સરહદી ગુનેરી ગામથી લઈ રણકાંધીના ખડીર સુધી તિરંગા યાત્રાથી તિરંગા પ્રત્યે લોકોમાં સન્માનની ભાવના ઉજાગર થઈ હતી. ઉપરાંત, છેલ્લા કેટલાક દિવસોમાં જીલ્લાની શાળાઓમાં રાખડી બનાવટ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, પત્ર લેખન, ક્વિઝ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, સહિતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમ જીલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે જણાવ્યું હતું.

(બાઈટ... સંજય પરમાર, જીલ્લા શિક્ષણ અધિકારી)

---

## BSF સાયકલ રેલી:

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત લોકોમાં દેશપ્રેમની ભાવના વધુ મજબુત બને તે માટે BSFના જવાનો દ્વારા ભુજમાં સાયકલ રેલી યોજાઈ હતી. કોડકી રોડ ખાતેના BSF હેડક્વાર્ટરથી શરુ થયેલી આ રેલીએ ભુજ શહેરની વિવિધ સોસાયટીઓમાંથી પસાર થઈ થઇને કૂલ 10 કિલોમીટર જેટલું અંતર કાપ્યું હતું.

રેલીમાં BSFના DIG અનંતસિંઘ સહિત 40 જેટલા અધિકારીઓ અને જવાનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી સિંઘે જણાવ્યું કે, આ અભિયાન 15 ઓગસ્ટ સુધી ચાલુ રહેશે અને BSFના જવાનો દરેક ઘર સુધી તિરંગો પહોંચાડવા માટે કટિબદ્ધ છે.

આ ઉપરાંત, સરહદી વિસ્તાર ખાવડા ખાતે પણ BSFની ૮૫ બટાલિયન અને પોલીસના સંયુક્ત ઉપક્રમે હર ઘર તિરંગા સાયકલ રેલી યોજાઇ હતી.

---

## જખૌ બંદર:

લાંબા સમય સુધી માછીમારી પ્રવૃત્તિ બંધ રહ્યા બાદ આખરે હવે ફરી જખૌ બંદર 3 થી 4 હજાર માછીમારો, મજૂરો અને વેપારીઓની ચહલપહલથી જીવંત બન્યો છે. અને આવનારી માછીમારી મોસમને ધ્યાનમાં રાખીને તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. બંદરના દરેક ખૂણે હથોડા-પાનાના અવાજ, બોટોમાં થતા કલરકામની સુગંધ, જાળ ગોઠવતા માછીમારોની ચર્ચા અને ક્રેનની મોટરના ઘોંઘાટથી બંદર ધમધમી ઉઠ્યું છે. માંગરોળ, વેરાવળ અને જામનગર સહિતના વિસ્તારોમાંથી આવેલા માછીમારો પોતાના જાળ, દોરી, બરફના ડબ્બા અને માછલી સંગ્રહ સાધનો ગોઠવવામાં વ્યસ્ત બન્યા છે. સાથે જ દરિયામાં લાંબી યાત્રા માટે જરૂરી ઇંધણ, પીવાનું પાણી અને ખાદ્યસામગ્રીનો જથ્થો પણ ભરવામાં આવી રહ્યો છે. બંદર પર મોટી સંખ્યામાં ક્રેનોની મદદથી બોટોને દરિયામાં ઉતારવાનું કામ પણ જોરશોરથી ચાલી રહ્યું છે.

---

## રૂપાભાઈ ચાડનું અવસાન:

કચ્છના જાહેર જીવનના અગ્રણી અને આહિર સમાજના આગેવાન રૂપાભાઈ ચાડનું અવસાન થયું છે. તેઓ ઘણાં વરસો સુધી જીલ્લા પંચાયતના સભ્યપદે રહ્યાં હતા. કોંગ્રેસ સાથે વરસોથી જોડાયેલા હતા અને રાજકીય ક્ષેત્રે નિવૃત્તિ પછી ભુજ નજીક રુદ્રાણી જાગીરના તેઓ અધ્યક્ષ રહ્યા હતા.

---

## સામખિયાળી-આગ:

કચ્છના પ્રવેશદ્વાર સમાન સામખિયાળી હાઇવે પરના ચાર રસ્તા પાસે આજે બપોરે અચાનક ભંગારના વાડામાં આગ લાગી હતી. ઊંચા તાપમાન અને પવનના કારણે આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના કારણે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા. જેનાથી પસાર થતા વાહનચાલકો અને આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

સામખિયાળી ગ્રામ પંચાયત તેમજ ભચાઉ ફાયર ફાયટરની ટીમની સંયુક્ત કામગીરીથી આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં આવી હતી.

---

## જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા:

રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની કુશ્તી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં અંડર 14, 17, 19 વિભાગની અલગ અલગ વજનની ગ્રુપ સ્પર્ધાઓ યોજાઈ હતી. વિજેતાઓને ગોલ્ડ, સિલ્વર વગેરે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. વિજેતા ખેલાડીઓ હવે રાજ્યકક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધત્વ કરશે.

---